Research Review
The Refereed & Peer Review International Journal
www.researchreviewonline.com
ISSN : 2321- 4708
Dec 2018, Year - 5 (68)
Paper ID: RRJ487193

# ખેડા જિલ્લાના પોલીસ કમર્ચારીઓમાં જાતિના સંદર્ભમાં મનોભારનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ.

:સંશોધક:
પરમાર વનિતાબેન ડી
રીસર્ચ સ્કોલર, મનોવિજ્ઞાન વિભાગ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી, જુનાગઢ

:માર્ગદર્શક:
ડો. એ. એમ. ચોચા
એસોસિયેટ પ્રોફેસર, મનોવિજ્ઞાન વિભાગ
ચોકસી આર્ટસ અને કોમર્સ કોલેજ, વેરાવળ

---

વર્તમાન પ્રણાલીમાં જીવતો માનવી જીવનના વિવિધ ક્ષેત્રે કામ કરતો જોવા મળે છે. માનવીને જીવન દરમિયાન કૌટુંબિક, સામાજિક, આર્થિક, બધા જપહેલુમાંથી પસાર થવું પડે છે. માનવી એક સામાજિક પ્રાણી હોવાથી સમાજમાં જ રહીને ક્રિયા-પ્રક્રિયા કરવી પડતી હોય છે. જીવનની આવી અનાવપૂર્ણ અને કટોકટી ભરી પરિસ્થિતિમાં વ્યકિતને કોઈ જો ઉગારી શકતું હોય તો તે છે તેનું "સમાયોજનશીલ વ્યકિતત્વ". ઈશુ ખ્રિસ્ત બાઈબલમાં યોગ્ય જ કહયું છે કે "માનવી માત્ર રોજી-રોટીથી જીવન જીવતો નથી. તેને પોતાના કાર્યનો સંતોષ પણ જોઈએ છીએ." સોરેન્સન અને મામે "સાયકોલોજી ફોર લીવીંગ નામના પોતાના પુસ્તકમાં લખ્યું છે કે, "અમેરિકામાં દર દસ માણસે એક માણસ માનસિક બિમારીનો ભોગ બને છે." કોલમેને પણ જણાવ્યું છે કે 80 લાખ અમેરિકનો હળવી માનસિક વિકૃતિથી પિડાય છે. કોનલે વિદ્યાપીઠના સમાજશાસ્ત્રીઓ અને માનસશાસ્ત્રીઓ 1961માં એક સેમ્પલ સર્વે કરેલો. એમાં પણ જાણવા મળ્યું કે, 18.5 ટકા અમેરિકનો સાવ 'માનસિક રીતે' "સાજા' કહી શકાય તેવા છે.

"Personal adjustment is a process of interaction between overselves and our environment" - Lehner and Kube

સમાયોજનની પ્રક્રિયા સક્રિય હોવાથી પરસ્પર આંતરક્રિયાની પ્રક્રિયા હોવાથી કયારેય પૂર્ણ થતી નથી. આ પ્રક્રિયા દ્વારા માનવીના કાર્ય કારણ વચ્ચેના સંબંધો જોઈ શકાય છે. "મનુષ્યની પ્રાણ-પ્રકૃત્તિ સાથે જ જાય." ભાગવતું. ગીતામાં આશ્ચર્યના અનુભવ જુદાં સંદર્ભમાં અનુભવે છે. "આશ્ચર્યવત પશ્યતિ કશ્ચી દેનમ" થોડાં ભૂતકાળ પર નજર કરવામાં આવે તો

ISSN : 2321- 4708
Dec 2018, Year - 5 (68)
Paper ID: RRJ487193

ખ્યાલ આવશે કે, માનવીનો હાલનો સ્વભાવ અને ભૂતકાળનો સ્વભાવ એ બંને વચ્ચે ઘણીખરી બાબતોમાં પરિવર્તન જોવા મળ્યું છે. જે ખરેખર તો પરિસ્થિતિ અનુસંધાને રહે છે. આજ આપણે સૌ જાણીએ છીએ કે 21મી સદીમાં મહિતી–ટેકનલોજીના યુગમાં માનવી જીવી રહયો છે ત્યારે ભૌતિક સુખ-સુવિધા અને સગવડની લાલચે માણસ માનવીની સાચા અર્થમાં માનસિક સુખ-શાંતિ અને સલામતી હણાઈ જાય છે. આજના સ્પર્ધાત્મક યુગમાં એકબીજાથી આગળ જ નિકળી જવાની લાલચે માનવીની માનસિક સમતૂલાને ભારે ઠેસ પહોંચી છે.

**સમસ્યા કથન:**

"ખેડા જિલ્લાના પોલીસ કમર્ચારીઓમાં જાતિના સંદર્ભમાં મનોભારનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ."

**અધ્યયનના હેતુઓ:**

પ્રત્યેક સંશોધન ચોક્કસ હેતુઓને અનુલક્ષીને જ કરવામાં આવે છે સંશોધન માટેની સમસ્યાને તાર્કિક રીતે જુદા જુદા વિભાગોમાં વહેંચવામાં આવે છે આમ સૌ પ્રથમ તેના હેતુઓ સ્પષ્ટ થાય તે મહત્વની બાબત છે કારણ કે સંશોધનના હેતુઓ મારફતે સંશોધનમાં કઈ કઈ બાબતોનો અભ્યાસ કરવામાં આવે છે.તેની જાણકારી મળે છે આ હેતુઓ સંશોધન યોજનાના ઘડતરમાં દિશાસૂચક બની રહે છે.

પ્રસ્તુત સંશોધન સમસ્યાને ધ્યાનમાં રાખીને કેટલાક મુખ્ય હેતુઓ નક્કી કરવામાં આવ્યા હતા. જે નીચે મુજબ છે.

1. પોલીસ કમર્ચારીઓના જાતિના સંદર્ભમાં ખેડા જીલ્લાના પોલીસ કમર્ચારીઓ વિશેનો મનોભાર અને તેના ઘટકોનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ.

**અધ્યયનની ઉત્કલ્પનાઓ :**

વૈજ્ઞાનિક સંશોધનનો આરંભ સમસ્યાની સાથે સાથે ઉત્કલ્પનાથી થાય છે. સંશોધન સમસ્યાને એક કે તેથી વધુ ઉત્કલ્પનાઓમાં ફેરવવામાં આવે છે. ત્યારબાદ આનુભાવિક અભ્યાસોને આધારે તેની ચકાસણી કરવામાં આવે છે જો સારી સાબિત થાય તો તેનો સ્વીકાર કરવામાં આવે છે અને જો ખોટી સાબિત થાય તો તેનો અસ્વીકાર કરવામાં આવે છે.

ISSN : 2321- 4708
Dec 2018, Year - 5 (68)
Paper ID: RRJ487193

પ્રસ્તુત સંશોધનના હેતુઓ ધ્યાનમાં રાખીને નીચે મુજબની શૂન્ય ઉત્કલ્પનાઓ રચવામાં આવી હતી.

$Ho_1$ પુરુષ અને સ્ત્રી પોલીસ કમર્ચારીઓના દબાણના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળશે નહી.

$Ho_2$ પુરુષ અને સ્ત્રી પોલીસ કમર્ચારીઓના શારીરિક મનોભારના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળશે નહી.

$Ho_3$ પુરુષ અને સ્ત્રી પોલીસ કમર્ચારીઓના ચિંતાના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળશે નહી.

$Ho_4$ પુરુષ અને સ્ત્રી પોલીસ કમર્ચારીઓના હતાશાના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળશે નહી.

$Ho_5$ પુરુષ અને સ્ત્રી પોલીસ કમર્ચારીઓના મનોભારના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળશે નહી.

**સંશોધનના પરિવર્ત્યો:**

પ્રસ્તુત સંશોધનમાં આધારિત પરિવર્ત્યો નીચે મુજબ છે.

**વિદ્યાર્થીઓના જાતિનો પ્રકાર: પુરુષ અને સ્ત્રી**

**આધારિત પરિવર્ત્યો :**

પ્રસ્તુત સંશોધનમાં આધારિત પરિવર્ત્યો નીચે મુજબ છે.

1. મનોભારના પ્રાપ્તાંકો
2. મનોભારના ઘટકોના પ્રાપ્તાંકો

નિયંત્રિત પરિવર્ત્યો

પ્રસ્તુત સંશોધનમાં નીચેના પરિવર્ત્યોનું નિયંત્રિત કરવામાં આવ્યા હતા.

1. પ્રસ્તુત અભ્યાસમાં ફક્ત ખેડા જીલ્લા પોલીસ કમર્ચારીઓનો જ સમાવેશ કરવામાં આવ્યો હતો.

ISSN : 2321- 4708
Dec 2018, Year - 5 (68)
Paper ID: RRJ487193

2. પ્રસ્તુત અધ્યયનમાં ફક્ત 360 પોલીસ કમર્ચારીઓનો જ સમાવેશ કરવામાં આવ્યો હતો.

**સંશોધનના સાધનો:**

પ્રસ્તુત અધ્યયનનો હેતુ જાતિના આધારે પોલીસ કમર્ચારીઓના મનોભાર અને તેના ઘટકોનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ કરવાનો હોવાથી પોલીસ કમર્ચારીઓ પાસેથી માહિતી એકત્રિત કરવા માટે નીચેના સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**વ્યક્તિગત માહિતીપત્રક :**

અહી પોલીસ કમર્ચારીઓના મનોભારનું માપન કરવા માટે વ્યક્તિગત માહિતી પત્રક તૈયાર કરવામાં આવ્યું હતું જેમાં પોલીસ કમર્ચારીઓનું નામ, સરનામું, પોલીસ કમર્ચારીઓની જાતિ, રહેઠાણનું સ્થળ, કામનો પ્રકાર, ઉમર, કુટુંબની માસિક આવક જેવી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**૧. મનોભાર તુલા**

આ સંસોધનમાં વિદ્યા લક્ષ્મી સ્મૃતિની મનોભાર કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ કસોટી દ્વારા ચાર પ્રકારના મનોભારનું માપન કરી શકાય છે. જેમાં દબાણ, ચિંતા, હતાશા અને શારીરિક મનોભારનો સમાવેશ થાય છે. આ કસોટી ઉચ્ચ વિશ્વસનીયતા અને યથાર્થતા ધરવતી જોવા મળી છે.

**સંશોધનનો નિદર્શ:**

પ્રસ્તુત સંશોધનમાં સમગ્ર ખેડા જીલ્લાના ૩૬૦ પોલીસ કમર્ચારીઓઓને પસંદ કરવામાં આવ્યા હતા. જેમાં 180 પુરુષ અને 180 સ્ત્રી પોલીસ કમર્ચારીઓઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**માહિતી એકત્રીકરણ:**

પ્રસ્તુત અધ્યયનનો પોલીસ કમર્ચારીઓના મનોભારનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ કરવાનો હોવાથી પોલીસ કમર્ચારીઓના જાતિના પ્રકારને ધ્યાનમાં રાખીને 360 પોલીસ કમર્ચારીઓને પસંદ કરવામાં આવ્યા હતા.

ISSN : 2321- 4708
Dec 2018, Year - 5 (68)
Paper ID: RRJ487193

સમગ્ર ખેડા જીલ્લાના પોલીસ કમર્ચારીઓના કાર્યસ્થળ પર જઈ વ્યક્તિગત માહિતી પત્રકની સાથે મનોભાર તુલાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સાથે સાથે પોલીસ કમર્ચારીઓને એ પણ જાણવવામાં આવ્યું હતું કે આ માહિતીનો ઉપયોગ ફક્ત સંશોધન પૂરતો જ કરવામાં આવશે અને તેમજ જે માહિતી આપી છે તે ખાનગી રહેશે તેમજ તેનો ઉપયોગ થશે નહિ તેની ખાતરી આપવામાં આવી હતી. જે પ્રશ્નાવલી ભરાઈ તેમાંથી યંત્રવાત પ્રત્યુતરવળી અધુરી વિગતોવાળી કે ખામીવાળી પ્રશ્નાવલીને બાદ કરી દેવામાં આવી હતી. આવી કુલ વ્યવસ્થિત 360 પ્રશ્નાવલીઓ ભરવામાં આવી હતી આ રીતે સંશોધનની માહિતીનું એકત્રીકરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ દરેક પ્રશ્નાવલીનું ગુણાંકન કરવામાં આવ્યું હતું. તેની વિગતવાર સ્પષ્ટ માહિતી તૈયાર કરી ડેટાસિત બનાવવામાં આવી હતી. આવેલ માહિતીના અર્થઘટન માટે પ્રસ્તુત અધ્યયનમાં આવયવિક યોજના, f test, (ANOVA), t test અને સહસંબંધ r નો ઉપયોગ કરવામાં આવ્યો હતો મધ્યક વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટે L.S.D મૂલ્ય શોધવામાં આવ્યું હતું. જને આધારે ઉત્કલ્પનાની ચકાસણી કરી તારણો તપાસવામાં આવ્યા હતા.

**આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓ:**

પ્રસ્તુત સંશોધનમાં નીચેની આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

- **સરાસરી, F test (ANOVA), L. S. D., ટી કસોટી**

**પરિણામ અને ચર્ચા:**

પ્રસ્તુત સંસોધનનો ઉદેશ્ય "ખેડા જિલ્લાના પોલીસ કમર્ચારીઓમાં જાતિના પ્રકારના સંદર્ભમાં મનોભારનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ." કરવાનો હતો. આ માટે માહિતી એકત્રીકરણમાં જણાવ્યા મુજબ પ્રાપ્ત માહિતીનું વિશ્લેષણ કરતા નીચે મુજબ માહિતી પ્રાપ્ત થઇ હતી.

**જાતિના પ્રકારના સંદર્ભમાં મનોભાર અને તેના ઘટકોનું 'ટી'મુલ્ય**

પોલીસ કમર્ચારીઓને જાતિ અને રહેઠાણના પ્રકારના આધારે પુરુષ અને સ્ત્રી એમ બે વિભાગમાં વહેચવામાં આવ્યા હતા.

તેમની વચ્ચે મનોભાર અને તેના ઘટકોની બાબતમાં તફાવત છે કે કેમ તેની ચકાસણી કરવા માટે નીચેની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

**$Ho_1$ પુરુષ અને સ્ત્રી પોલીસ કમર્ચારીઓના દબાણના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળશે નહી.**

**$Ho_2$ પુરુષ અને સ્ત્રી પોલીસ કમર્ચારીઓના શારીરિક મનોભારના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળશે નહી.**

**$Ho_3$ પુરુષ અને સ્ત્રી પોલીસ કમર્ચારીઓના ચિંતાના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળશે નહી.**

**$Ho_4$ પુરુષ અને સ્ત્રી પોલીસ કમર્ચારીઓના હતાશાના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળશે નહી.**

**$Ho_5$ પુરુષ અને સ્ત્રી પોલીસ કમર્ચારીઓના મનોભારના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળશે નહી.**

**કોષ્ટક નંબર: 1**

**પોલીસ કમર્ચારીઓઓની જાતિના પ્રકારના સંદર્ભમાં મનોભારનું 'ટી' મુલ્ય (N = 360)**

| Sr. No | Factor | Area | N | Mean | S.D | SEM | SED | t' | Sig. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | **Pressure** | Male | 180 | 3.80 | 2.28 | 0.17 | 0.25 | 1.27 | NS |
| | | Female | 180 | 4.12 | 2.53 | 0.19 | | | |
| 2 | **Physical** | Male | 180 | 0.77 | 1.11 | 0.83 | 0.13 | 1.88 | NS |
| | | Female | 180 | 1.01 | 1.30 | 0.97 | | | |
| 3 | **Anxiety** | Male | 180 | 2.55 | 2.57 | 0.19 | 0.27 | 1.72 | NS |
| | | Female | 180 | 3.02 | 2.63 | 0.20 | | | |
| 4 | **Frustration** | Male | 180 | 1.64 | 2.10 | 0.16 | 0.21 | 0.90 | NS |
| | | Female | 180 | 1.84 | 2.09 | 0.16 | | | |
| 5 | **Stress** | Male | 180 | 8.77 | 6.39 | 0.48 | 0.70 | 1.76 | NS |
| | | Female | 180 | 10.00 | 6.88 | 0.51 | | | |

**0.05 = 1.96** **0.01 = 2.58**

ઉપરોક્ત કોષ્ટક નં: 1 માં ઉત્કલ્પના નંબર: 1 થી 5 **ની ચકાસણી કરવામાં આવી છે જેમાં** પોલીસ કમર્ચારીઓની જાતિના સંદર્ભમાં તેમના દબાણ, શારીરિક મનોભાર, ચિંતા હતાશા અને મનોભારનું 'ટી' મુલ્ય રજુ કરવામાં આવ્યું છે. જે અનુક્રમે 1.27, 1.88, 1.72, 0.90 અને 1.76 છે. 'ટી' નું સાર્થકતા મુલ્ય df 358 હોય ત્યારે 0.05 કક્ષાએ 1.96 અને 0.01 કક્ષાએ

ISSN : 2321- 4708
Dec 2018, Year - 5 (68)
Paper ID: RRJ487193

2.58 છે, અહી પ્રાપ્ત 'ટી' મુલ્ય આ મુલ્ય કરતા ઓછી કિમતના છે જેથી આંકડાશાસ્ત્રીય સાર્થકતા ધરાવતા નથી. તેથી અહી ઉત્કલ્પના નંબર: 1 થી 5 નો સ્વીકાર કરવામાં આવે છે અને નીચે મુજબ તારણ તારવવામાં આવે છે.

1. પુરુષ અને સ્ત્રી પોલીસ કમર્ચારીઓના મનોભારના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળતો નથી.
2. પુરુષ અને સ્ત્રી પોલીસ કમર્ચારીઓના મનોભારના ઘટક તરીકે દબાણના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળતો નથી.
3. પુરુષ અને સ્ત્રી પોલીસ કમર્ચારીઓના મનોભારના ઘટક તરીકે શારીરિક મનોભારના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળતો નથી.
4. પુરુષ અને સ્ત્રી પોલીસ કમર્ચારીઓના મનોભારના ઘટક તરીકે ચિંતાના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળતો નથી.
5. પુરુષ અને સ્ત્રી પોલીસ કમર્ચારીઓના મનોભારના ઘટક તરીકે હતાશાના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળતો નથી.

**તારણ:**

**પુરુષ અને સ્ત્રી પોલીસ કમર્ચારીઓઓના દબાણ, શારીરિક મનોભાર, ચિંતા, હતાશા અને મનોભારમાં તફાવત જોવા મળતો નથી.**

## સંદર્ભ:


1. Best John W. Khan James V. Research in Education, Tenth Edition, New Delhi. Prentice Hall of India Private Ltd, 2008.
2. Buch MB. (Ed): Fourth Survey of Research on Education. New Delhi: Publication Department, National Council of Educational Research and Training,1987.
3. Garrett Henry, Wood Worth RS Statistics in Psychology and Education, Surjeet Publications Ltd, New Delhi, 2008
4. George EI. A Comparative Study of the Adjustment and Achievement of 10 Years and 11 Years Schooling in Kerala State. Third Survey of Educational Research, 1966, 664
5. Guilford JP. Fundamental Statistics in Psychology and Education New York, Mc Graw-Hill Book Company, Inc., 1956.